ગાંધીનગર સમાચાર

આજે મનપાની સામાન્ય સભામાં બજેટ મંજૂર થશે

# આવતીકાલથી ઈન્ટરનેશનલ ટ્રાવેલ મીટ

ગાંધીનગર, તા. ૧૭

ગતિશીલ ગુજરાતના અભિયાન દ્વારા અન્ય ક્ષેત્રોની સાથે જ પ્રવાસન ક્ષેત્રને નવી દિશા મળી છે. ગુજરાત સરકારે પ્રવાસન પ્રવૃત્તિને ઉદ્યોગનો દરજ્જો આપીને આ ક્ષેત્રના વિકાસની નવી ક્ષિતિજો ખોલી આપી છે. પ્રવાસન ક્ષેત્રે રોકાણકારોનું આકર્ષણ વધે તે માટે આ વર્ષે ચોથા વાયબ્રન્ટ ગુજરાત ઈન્ટરનેશનલ ટ્રાવેલ માર્ટ-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૯ થી ૨૧ ફેબ્રુઆરી દરમ્યાન મહાત્મા મંદિર ખાતે યોજાનારા ટ્રાવેલ માર્ટમાં ૫૦ દેશો અને ૨૦ રાજ્યો ભાગ લઈ રહ્યા છે.



આ વખતના ઈન્ટરનેશનલ ટ્રાવેલ માર્ટની વિશેષતા સંદર્ભે વિગતો આપતા સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વખતનો ટ્રાવેલ માર્ટ વિશેષ બની રહેવાનો છે. આ ઈવેન્ટ

## મહાત્મા મંદિર ખાતે આરંભાતી ટ્રાવેલ મીટમાં ૫૦ દેશો અને ૨૦ રાજ્યો ભાગ લેશે

ટૂર ઓપરેટર્સ કે હોટ લિયર્સ જેવા પ્રવાસન ક્ષેત્રે સંકળાયેલા પ્લેટર્સ માટે બી ૨ બી મીટીંગનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ બની રહી છે. આ વખતે યોજાઈ રહેલો ટ્રાવેલ માર્ટ નવી પ્રવાસન નીતિના કારણે રૂપિયા ચાર હજાર કરોડના સમજૂતી કરારનો સાક્ષી બનવાનો છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મેઈક ઈન ઈન્ડિયા' દ્વારા દેશને વિશ્વમાં આગવા સ્થાને પ્રસ્થાપિત કરવાનો સંકલ્પ કર્યો છે. ત્યારે ગુજરાતે નવી પ્રવાસન નીતિ દ્વારા વિકાસ ગતિને વધુ તેજ બનાવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષોમાં નવી પ્રવાસન નીતિમાં પ્રવાસન ઉદ્યોગનો દરજ્જો

● અનુસંધાન પાન-૭ પર

# આગામી માર્ચ મહિનામાં સાઈકલ શેરીંગ પ્રોજેકટને લીલી ઝંડી અપાશે

## ગ્રીન ગાંધીનગરમાં ટ્રીન ટ્રીન.. કરતી સાઈકલ સવારી નિકળશે ગુડાના સ્થાપના દિન નિમિત્તે કુડાસણની આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસની ફાળવણી પણ થશે : શુભ લાભ યોજનાના બાકીના મકાનોનો કબજો પણ સોંપી દેવાશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં આગામી માર્ચ મહીનામાં ગુડાના સ્થાપના દિન નિમિત્તે સાઈકલ શેરીંગ પ્રોજેકટનો શુભારંભ કરવામાં આવશે. ગુડા દ્વારા આગામી મહીનામાં શુભ લાભ આવાસ યોજનાના બાકી રહેતા લાભાર્થીઓને મકાનનો કબજો પણ સોંપી દેવાશે. જયારે કુડાસણની એમ આઈ જી આવાસ યોજનાના લાભાર્થીઓનો ડ્રો પણ કરવામાં આવશે. ગુડા દ્વારા સાઈકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ત્યારે નગરજનોમાં પણ આ પ્રોજેકટના અમલીકરણ માટે ઉત્સુકતા વધી ગઈ છે. ત્યારે ગુડા દ્વારા નવા પ્રોજેકટનો અમલ કરી સ્થાપના દિનની ઉજવણીને યાદગાર બનાવાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિકાસના અનેક વિધ પ્રોજેકટોની સાથે માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. આગામી દાયકાને ધ્યાને લઈ વસતીના ધોરણ મુજબ વિકાસના નવા આયામો અમલી બનાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જયારે શહેર આસપાસના વિસ્તારોની સાથે નગરમાં પણ ગુડા દ્વારા સાઈકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરવા માટે તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી છે. સેકટરોમાં વિવિધ ૧૦ ઠેકાણે સાઈકલોના સ્ટેન્ડ તૈયાર કરી દેવાયા છે. જેમાં નવી સાઈકલો પણ આવી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે પંચાયતની કારોબારી અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોની વરણી કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિના નવા ચેરમેનોની નિયુક્તી માટે આજે સમિતિઓની પ્રથમ બેઠક મળશે.

જિલ્લા પંચાયતમાં બપોરે ૩ વાગે કારોબારી સમિતિ અને ૪ વાગે સામાજિક ન્યાય સમિતિની બેઠકો મળશે જેમાં ચેરમેનોની નિયુક્તી કરવામાં આવશે. આ બન્ને સમિતિના ચેરમેનોની નિયુક્તી માટે પ્રદેશ સમિતિમાંથી મેન્ડેટ આવશે તેમની વરણી કરવામાં આવશે.

જિલ્લા પંચાયતમાં ૧લીએ મળેલી સામાન્ય સભામાં સમિતિઓની રચના કરવામાં આવી હતી. કારોબારી અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોની નિયુક્તી અઢી વર્ષ માટે કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની બાકી રહેલી સમિતિઓની પણ તબક્કાવાર ચેરમેનોની નિયુક્તી કરવામાં આવશે તેમ કોંગ્રેસના આંતરિક સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મહેસાણા જિલ્લામાં થયેલા બળવાને ધ્યાને રાખી તબક્કાવાર નિયુક્તીનો મામલો હાથ ધરવાનો પ્રદેશ કક્ષાએ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાના મુદ્દે જ મડાગાંઠ થતાં હવે પ્રદેશ સમિતિ પણ કોઈ ઉતાવરણના મૂડમાં નહિ હોવાનું કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું છે.

# આજે મનપાની સામાન્ય સભામાં બજેટ મંજૂર થશે

## મનપાનુ તંત્ર આજે આખો દિવસ બેઠકોમાં વ્યસ્ત રહેશે : કોંગ્રેસ આક્રમક મૂડમાં

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે પ્રથમ સ્થાયી સમિતિની અને ત્યારબાદ બપોરે ૩ વાગે સામાન્ય સભાની મહત્વની બેઠક મળનાર છે. સામાન્ય સભા તોફાની બની રહે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં ફરતા પુસ્તકાલય માટે પુસ્તકોની ખરીદી માટેની મંજૂરી આપવાનો એક માત્ર મુદ્દો છે. રાકેશ પટેલના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં મંજૂરી આપવામાં આવશે.

આ પછી બપોરે ૩ વાગે મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે મનપાની સામાન્ય સભા મનપાના સભાખંડમાં મળશે. જેમાં સ્થાયી સમિતિએ મંજૂર કરેલ બજેટ મેયરને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સુપ્રત કરી તે મંજૂર કરવા સામાન્ય સભાને જણાવશે.

સામાન્ય સભામાં કોંગ્રેસ પક્ષ દ્વારા આ બજેટ અંગે ચર્ચાની માંગણી કરવામાં આવી છે. તેમજ સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે ૧૩ થી વધુ સૂચનો કરી તેનો સમાવેશ બજેટમાં કરવામાં આવે તેવી માંગ કરી છે. આ બેઠકમાં કોંગ્રેસ પક્ષ મનપામાં પ્રજાના વિકાસના કામો જે અટવાયા છે તે, સફાઈના મુદ્દે તેમજ નબળી વેરા વસુલીના મુદ્દે શાસક પક્ષને ભીંસમાં લેવાની વ્યૂહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

મનપાની આવી રહેલી ચૂંટણી પૂર્વેની આ અંતિમ સામાન્ય સભા હશે તેવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

બન્ને પક્ષો દ્વારા સામાન્ય સભા માટે અલગ-અલગ વ્યૂહરચનાઓ સાથેની તૈયારીઓ કરવામાં આવી છે. આ વેળાના અંદાજપત્રમાં સુધારા પણ ભાજપના કેટલાક સભ્યો તરફથી રજુ કરવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો પણ મળ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

બિસ્માર માર્ગ - તસવીરમાં દશ્યમાન બિસ્માર માર્ગ પણ જુગાનુજોગ સિવિલ હોસ્પિટલ પાસે જ છે.... સિવિલમાં બિમાર દર્દીઓ આવે અને સિવિલની બાજુમાં બિસ્માર માર્ગ હોય... આ પાટનગરનું કરૂણ દશ્ય છે... વસાહતીઓએ વારંવાર રજૂઆતો કરી હોય પણ છતાં પરિણામ ન આવતું હોય તેનો પુરાવો આ તસ્વીર અભિવ્યક્ત કરે છે...

# કોંગ્રેસે મનપા માટે ત્રણ નિરીક્ષકો નિમ્યા

## મનપાની ચૂંટણી માટે કોંગ્રેસે કસાયેલા નેતાઓને નિરીક્ષકો તરીકે નિમ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની આવી રહેલી સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીથી લઈ સમગ્ર સંકલન માટે કોંગ્રેસ પક્ષે ત્રણ નિરીક્ષકોની નિમણુંક કરી છે.

મહાનગરપાલિકાની ચૂંટણી અંગે કોંગ્રેસ પક્ષ દ્વારા આ માસના અંતથી તૈયારીઓ વેગીલી બનાવવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે નિરીક્ષકો તરીકે અમદાવાદના પૂર્વ મેયર શ્રી હિંમતસિંહ પટેલ, યુવક કોંગ્રેસના પૂર્વ પ્રમુખ શ્રી મિહિર શાહ તથા મહિલા કોંગ્રેસના અગ્રણી માયાબેન દવેની નિયુક્તી કરવામાં આવી છે.

આ નિરીક્ષકો તબક્કાવાર ગાંધીનગર આવી અને કાર્યકરો સાથે બેઠકોનો દોર કરી ઉમેદવારોની પસંદગી માટેની પેનલો તૈયાર કરશે જે પછીથી પ્રદેશ સમિતિને મોકલવામાં આવશે અને પ્રદેશ સમિતિ દ્વારા ઉમેદવારોની આખરી પસંદગી કરાશે.

ગાંધીનગર મનપામાં આ વખતે ૩ વોર્ડની સંખ્યા ઘટવાની સાથે એક કાઉન્સીલર પણ ઘટનાર છે અને નવુ સીમાંકન તૈયાર થઈ રહ્યું છે. ત્યારે નિરીક્ષકોની કામગીરી કઠિન બનશે તેમ મનાઈ રહ્યું છે.

હાલ જિલ્લામાં ભારે લગ્નસરાની મોસમ ચાલી રહી છે એટલે આ માસના અંતે જ બેઠકોનો સિલસિલો કોંગ્રેસ દ્વારા આરંભાશે. કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પક્ષ ચૂંટણી માટે સંપૂર્ણ તૈયાર છે.



**પ્રકૃતિનો પરમ વૈભવ** - શિયાળાનો વિદાય લેતો દિવસ આકાશમાં અવનવા રંગો સર્જે છે... ગાંધીનગરની હરિયાળી ધરતી પર વૃક્ષોની વચ્ચેથી કેમેરામાં કેદ થયેલી આ તસવીર પ્રકૃતિના પરમ વૈભવની અનુભૂતિ કરાવે છે... મનમોહક રંગો દ્વારા આકાશમાં સર્જાતું સંધ્યાનું દશ્ય અને દશ્યને ઝીલતી વૃક્ષની લીલીછમ ડાળીઓ... અદભૂત અનુભૂતિનો અહેસાસ કરાવે છે... ગાંધીનગરના જ-માર્ગ પર સંધ્યાના સમયે પાંચ મિનિટ સ્થિર બની આકાશ તરફ મીટ માંડીએ તો પરમ તત્વનો પરમ વૈભવી નજારો જોવા મળશે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# રેવન્યુ વિલેજ જાહેર કરવા ગતિ ધીમી છે

અમદાવાદ, તા.૧૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કચ્છના બન્ની વિસ્તારના ૪૮ જેટલા ગામોને મહેસુલી દરજ્જો આપવા આ રક્ષિત વન વિસ્તારમાં ફોરેસ્ટ સેટલમેન્ટની કામગીરી ઝડપી બનાવવાના હેતુથી ૬ જેટલા પ્રાંત અધિકારીઓને ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફિસર તરીકે વધારાની કામગીરી સોંપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ બન્ની વિસ્તારમાં વસવાટ કરતા લોકોને ગામતળનો લાભ આપી મિલ્કતની સનદો આપવા તથા ગામતળ કે સ્મશાન ન હોય ત્યાં જગ્યા મુકરર કરવા અને અન્ય વિકાસ યોજનાના લાભો ઉપલબ્ધ કરાવવા રક્ષિત વન વિસ્તાર ઘોષિત થયેલા બન્નીના ગામોની સર્વેસેટલમેન્ટની કામગીરીમાં ઝડપ લાવવા ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફિસરની નિમણૂંકની આવશ્યકતા ધ્યાને લેતાં આ નિર્ણય કર્યો છે. તદનુસાર ભુજના પ્રાંત અધિકારીને ભુજ તાલુકાના ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફિસરની વધારાની કામગીરી અંજાર પ્રાંતને અંજાર, ગાંધીધામની, ભચાઉ પ્રાંતને ભચાઉ રાપરની મુન્દ્રા પ્રાંતને મુન્દ્રા માંડવીની નખત્રાણા લખપત તાલુકાની તથા અબડાસા પ્રાંતને નલીયા અબડાસાની ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફિસરની વધારાની કામગીરી સોંપવામાં આવી છે.

# સ્કુલ વર્ધીના વાહનો માટે આર.ટી.ઓ. તંત્ર દ્વારા ખાસ નોંધણી ઝુંબેશ હાથ ધરાશે

## આગામી તા ૧૯ અને ૨૦ ફેબ્રુઆરીના રોજ બાકી રહેતા સ્કુલવર્ધીના વાહનો માટે ખાસ ઝુંબેશ

ગાંધીનગર તા ૧૭

શહેરમાં ટ્રાફિક નિયમનના કડક અમલ માટે પોલીસ તંત્ર સક્રીય બન્યુ છે. ત્યારે આર ટી ઓ કચેરી દ્વારા પણ સ્કુલ વર્ધીના વાહનોની નોંધણી માટે ખાસ અભિયાન હાથ ધરવામાં આવનાર છે.આગામી તા ૧૯ અને ૨૦ ફેબ્રુઆરીના રોજ બાકી રહેતા વાહનોની નોંધણી કરવામાં આવશે.

શહેરમાં ટ્રાફિક નિયમનને અસરકારક બનાવવા જિલ્લા પોલીસ તંત્ર સક્રીય થયુ છે. પૈડા પરની જિન્દગી સલામત બનાવવા માટે દ્રી ચક્રી વાહનોમાં હેલ્મેટ તેમજ ફોર વ્હીલરમાં સીટ બેલ્ટ માટે દંડ વસુલી હાથ ધરવામાં આવી છે. ત્યારે સ્કુલ વર્ધી માટેના વાહનો પણ નિયમિત રૂપે ટ્રાફિકના નિયમનોનુ પાલન કરે તે માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ શહેરમાં સ્કુલ વર્ધીના વાહનોની સંખ્યા વિશેષ છે. ત્યારે આ વાહનોના નિયમન અંગે પણ અનેકવાર સવાલો મંડરાય છે.

● અનુસંધાન પાન-૭ પર

### હેલ્મેટ-સીટ બેલ્ટના ઉપયોગ દ્વારા નાગરિક જવાબદારી નિભાવવા અપીલ

પૈડા પરની જિન્દગી જોખમાતા ગત વર્ષ દરમિયાન શહેરમાં ૨૦ વ્યક્તિઓનુ માર્ગ અકસ્માતમાં મોત નિપજયુ હતુ. જયારે જિલ્લામાં ૨૩૦ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા હતા. સંખ્યાબંધ અકસ્માતોમાં વાહનચાલકોએ ઈજાઓ સહન કરવી પડી હતી. ત્યારે વાહનચાલકો ટ્રાફિકના નિયમોનુ પાલન કરી હેલ્મેટ તેમજ સીટ બેલ્ટનો ઉપયોગ થકી નાગરિકની જવાબદારી નિભાવે તે માટે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ ,મયુર વ્યાસ કીશોર જીકાદરા,સુધીર દેસાઈ, તેમજ સુનિલ શાહે નાગરિકોને અપીલ કરી છે. વાહનોની સંખ્યા વધતા ટ્રાફિક નિયમનમાં વિટંબણાઓ ઉભી થઈ છે. જયારે માર્ગ સલામતીને ધ્યાને લઈ ટ્રાફિક નિયમન અને વ્યવસ્થાનો અમલ કરવા માટે નાગરિકોને મહામંડળના પદાધિકારીઓએ જણાંવ્યુ છે.




ગઢવી બેસણુ

અમારા પુજય માતુશ્રી
હિરામણીબા અજીતસિંહ ગઢવી
તા.૧૬-૨-૧૬ને મંગળવારે કૈલાસનિવાસી થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૧૮-૨-૧૬ને ગુરૂવારે સાંજે ૪:૦૦ થી ૭:૦૦ દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસ સ્થાન : પ્લોટ નં.૧૫૮૮/૨, સેકટર-૨/સી, ગાંધીનગર

નરહરદાન અજીતસિંહ ગઢવી (પુત્ર) ૯૮૨૫૪ ૭૯૧૯૫
ડો. રાજેન્દ્ર નરહરદાન ગઢવી (પૌત્ર) ૯૮૨૫૦ ૬૮૧૧૬
ડો. અશ્વિન એસ. ગઢવી (ભાણેજ) ૯૮૨૫૨ ૨૪૦૧૩

જાહેરાત

કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ, કોબા, તા. જી. ગાંધીનગર ખાતે આંબાવાડિયામાં આંબાના કુલ - ૭૬ ઝાડ એક સીઝન માટે ભાડા કરારે આપવાના હોવાથી ભાવપત્રક દિન-૧૦માં આપશો.




જગ્યા ભાડે આપવાની છે

સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે

શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com